


વાયબ્રન્ટ ગાંધીનગર - વાયબ્રન્ટ ગુજરાત સમિટની તૈયારી માટે ગાંધીનગર વાયબ્રન્ટ બની ગયું છે... મહાત્મા મંદિર એક્ઝીબીશન સેન્ટર, અને શહેરના રાજમાર્ગો પર અંદાજે ત્રણ હજારથી સાડા ત્રણ હજાર કારીગરો, કર્મચારીઓ અને કામદારો રાત-દિવસ કામ કરી રહ્યા છે... દિવસે - દિવસે શહેરનું સ્વરૂપ બદલાતું જાય છે... બ્યુટીફિકેશન એક અલગ અંદાજમાં થઈ રહ્યું છે... સાફ - સફાઈ પુરજોશમાં ચાલે છે... તો મંડપ, ગેટ અને કમાનો પણ લાગી રહ્યા છે... મહાત્મા મંદિરમાં પણ વિવિધ પ્રકારના કામોને આખરી ઓપ અપાઈ રહ્યો છે... હજુ તો આગામી એક સપ્તાહમાં આજનું ગાંધીનગર આવતીકાલે નવા સ્વરૂપે નિહાળવા મળશે...

# કૃષિ ઈનપુટ સહાય માટે સરકારે જિલ્લાને ૫૩ કરોડ ફાળવ્યા

### માણસા, કલોલ અને ગાંધીનગર તાલુકામાં આ સહાય ચુકવાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં કૃષિ ઈનપુટ સહાય માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫૩ કરોડની ફાળવણી કરતા હુકમો જારી કરવામાં આવ્યા છે. આ ચુકવણી આગામી સપ્તાહથી શરૂ થશે.

જિલ્લામાં ૪૫૦ મિ.મિ. કરતાં ઓછો વરસાદ નોંધાયો હોય તેવા ત્રણ તાલુકા ગાંધીનગર, માણસા અને કલોલને અછતગ્રસ્ત વિસ્તાર ખાસ કિસ્સામાં જાહેર કરી સરકારે કૃષિ ઈનપુટ સહાય આપવાની મહત્વની જાહેરાત કરી હતી.

સરકારે આ માટે ખેડૂતોને અરજી કરવા માટે જણાવ્યુ હતુ. આ પછી સરકારે તેની મુદત જે ૩૧ ડિસે. હતી તેમાં સુધારો કરી ૧૫ જાન્યુઆરી-૨૦૧૯ કરી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૧ હજારથી વધુ અરજીઓ તાલુકાકક્ષાએ પહોંચી ચુકી છે. આ ત્રણેય તાલુકાઓમાં મળી ૧ લાખ જેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે જે નોંધનીય છે.

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં આ મુદ્દે એક ખાસ વિડીયો કોન્ફરન્સ રાજયના મુખ્યમંત્રી દ્વારા યોજવામાં આવી હતી. જિલ્લામાં એક જ નામ ધરાવતા સર્વે નંબરો ૪૦ હજારની આસપાસ છે જ્યારે ૬૦ હજારથી વધુ સંયુક્ત નામો ધરાવતા ખેડૂત ખાતેદારો છે. સંયુક્ત નામો ધરાવતા ખેડૂત ખાતેદારો છે. સંયુક્ત નામો ધરાવતા ખેડૂતોએ તંત્રને અરજી સાથે બધાની સહિયો ન હોય તો બાંહેધરી આપવાની રહેશે તેવો વચલો રસ્તો કાઢી ખેડૂતોને રાહત મળે તેવો પ્રયાસ કર્યો છે.

જિલ્લામાં ખરીફ સિઝન દરમ્યાન વરસાદની ઘટને કારણે પાક ઉત્પાદન પર વિપરીત અસરો પડી છે તેથી સરકારે ઈનપુટ સહાય આપવાનો નિર્ણય કરેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના માણસા તાલુકામાં હેક્ટર દીઠ રૂ. ૬૩૦૦ની મર્યાદામાં સહાય ચુકવવામાં આવશે. ગાંધીનગરમાં રૂ. ૫૮૦૦ની મર્યાદામાં આ સહાય હેક્ટર દીઠ ચુકવવામાં આવશે. જ્યારે કલોલ તાલુકામાં રૂ. ૫૩૦૦ લેખે હેક્ટરદીઠ આ સહાય ચુકવવામાં આવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અરજીઓની ચકાસણી માટે પણ લાયઝન અધિકારીઓ નિયુક્ત કરી દેવાયા છે તેમજ તલાટીઓ સાથે પણ બેઠકો થઈ ચુકી છે.

રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવણીના હુકમો થયા છે. આ માટેની વહીવટીય કામગીરી ચાર-પાંચ દિવસમાં પૂર્ણ થતાં જ મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી આ સહાયની ચુકવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે માણસા માટે ૧૬ કરોડથી વધુ, ગાંધીનગર માટે ૨૧ કરોડથી વધુ અને કલોલ માટે ૧૪ કરોડથી વધુ રકમ મળવા પાત્ર થાય છે.

# આજની જિલ્લા-શહેર કોંગ્રેસની કારોબારી પ્રદેશ પ્રમુખની ઉપસ્થિતિમાં યોજાશે

ગાંધીનગર, તા. ૭


આજે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ અને શહેર કોંગ્રેસની કારોબારી સમિતિની બેઠકો પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા અને પ્રભારી રાજીવ સાતવની ઉપસ્થિતિમાં મળશે.

જિલ્લા કોંગ્રેસની કારોબારી સે. ૨૩ની લગ્નવાડી ખાતે બપોરે ૧ વાગે મળશે. આ કારોબારી બેઠકમાં પ્રદેશ હોદ્દેદારો, પ્રદેશ નીરીક્ષકો તેમજ પ્રદેશ ડેલીગેટ્સ ઉપરાંત પક્ષના સાથી સંગઠ્ઠનોના હોદ્દેદારો અને કારોબારી સભ્યો તેમજ લોકસભા-વિધાનસભાના ઉમેદવારો જે થયા હોય તેમને પણ ઉપસ્થિત રહેવાનું છે.

જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આ વિસ્તૃત અને મહત્વની બેઠકને લઈ તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આ બેઠકમાં જિલ્લા તાલુકા પંચાયતના અને નગરપાલિકાના સદસ્યોને પણ નિમંત્રણ આપવામાં આવ્યું છે.

કોંગ્રેસના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ કારોબારી બેઠકનું આયોજન પ્રદેશ કક્ષાએથી જ કરવામાં આવ્યુ છે અને તેમાં સંગઠ્ઠન સહિત આગામી દિવસોના કાર્યક્રમો અંગે ચર્ચા-વિચારણા કરી આખી વ્યુહરચના લોકસભા સંદર્ભે કરવામાં આવશે.

શહેર કોંગ્રેસ સમિતિની બેઠક બપોરે ૪ વાગે જિલ્લા પંચાયતના સરદાર હોલમાં મળશે. જેમાં પણ અપેક્ષિતો સહિતના આગેવાનો તેમજ મનપાના કાઉન્સીલરો ઉપસ્થિત રહેશે.







# શાળાઓમાં હજુ હાજરી માટે યસ સર..ની જુની પ્રથા યથાવત !!

**વિદ્યાર્થી માનસમાં દેશ ભક્તિની ભાવના વધુ મજબુત બને તે માટે જય હિંદ, જય ભારત બોલીને હાજરી પુરાવાના નિયમની અમલવારીમાં નિરસતા : ડી ઇ ઓ કચેરી તપાસ કરશે**

ગાંધીનગર તા ૭

વિદ્યાર્થી માનસમાં દેશ ભકિતની ભાવના વધુ મજબુત થાય તે માટે શાળાઓમાં હાજરી પુરવાના સમયે યસ સર પ્રેઝન્ટ સરના બદલે જયહીંદ કે જય ભારત બોલીને હાજરી પુરાવવાનુ ફરજિયાત કરવામાં આવ્યુ છે. સરકારના આ નિર્ણયથી સૌ કોઈ પ્રભાવિત થયા હતા. આ મામલે નવા નિયમના અમલીકરણ માટે પરિપત્ર પણ કરી દેવાયો છે. પરંતુ આ નિર્ણયની અમલવારી થતી નથી. શહેરની મોટાભાગની અંગ્રેજી માધ્યમની શાળાઓમાં હજુ યસ સર બોલીને જ હાજરી પુરવામાં આવે છે. શાળાઓમાં વિદ્યાર્થીઓના માનસ પર દેશભક્તિની ભાવના વધુ મજબુત થાય માટે સરકારી તેમજ ખાનગી શાળાઓમાં યસ સરના બદલે જય હિંદ જય કે જય ભારત બોલવાનો નિયમ અમલમાં મુકાયો છે. સરકારનો આ નિર્ણય સૌ કોઈએ આવકાર્યો હતો. ટીકાકારોએ પણ આ નિર્ણયને બિરદાવ્યો હતો.યસ સરના બદલે જય હીંદ જય ભારત બોલવાના પરિપત્રના અંતે શાળાઓમાં આ નિર્ણયની યોગ્ય અમલવારી થાય તે માટે પણ સુચના આપવામાં આવી હતી. જો કે આ નિર્ણયનો યોગ્ય અમલ થાય તેની દરકાર લેવામાં જિલ્લા કક્ષાએથી કોઈ પગલા લેવાતા ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. જેના પરિણામે જિલ્લાની શાળાઓમાં હાજરી પુરવાના મામલે જુની પધ્ધિત યથાવત છે. તેમાંય અંગ્રેજી માધ્યમની શાળામાં પ્રેઝન્ટ સરના ઉચ્ચારણ સાથે હાજરી પુરાય છે. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારીએ જણાંવ્યુ હતુ કે શાળાઓમાં આ પરિપત્રના અમલ મામલે ટુંકમાં જ ચકાસણી કરવામાં આવશે.

આ મામલે શિક્ષણ વિભાગના અધિકારીઓ આગામી દિવસોમાં શાળાઓમાં તપાસ હાથ ધરશે. જયારે શાળાઓના આચાર્યોને પણ જય હિંદ તેમજ જય ભારત બોલીને જ હાજરી પુરાય તે મુજબ સુચના આપવામાં આવશે.



તેજ પવન... - ઉત્તર ભારતમાં બરફવર્ષા અને કોલ્ડ વેવના પગલે ગાંધીનગર પણ દિવસ દરમિયાન ઠંડુગાર બન્યું હતું... લઘુતમ તાપમાન ૯ ડિગ્રી હતું જ્યારે મહત્તમ પણ ૨૫.૪ ડિગ્રી પર પારો અટક્યો હતો... પરંતુ તેજ પવનને કારણે ઠંડી વધુ અનુભવાતી હતી... રવિવારની બપોરથી આરંભાયેલ પવનના સુસવાટાને પગલે શહેર ઠંડુગાર બની ગયું હતું... રવિવારે મોડીસાંજથી ઠંડીના તીવ્ર મોજામાં શહેરીજનો ઠુઠવાતા રહ્યા... ઠેર ઠેર તાપણા દ્વારા ઠંડી ઉડાડવાનો પ્રયાસ કરાતો હતો... જ્યારે ગરમ વસ્ત્રો દ્વારા ઠંડીથી બચવા સૌ મથામણ કરી રહ્યા હતા... ઉંમરલાયક અને બિમાર નાગરિકો ઠંડીમાં ઘરની બહાર નિકળવાનું ટાળતા હતા... પરંતુ અનિવાર્ય સંજોગોમાં પણ બહાર નિકળવું જ પડે એવું હોય ત્યારે ઠંડીથી રક્ષણ મેળવવાના ભરપૂર પગલા નાગરિકો ભરતા હતા... તો આજે ફુંકાયેલા ઠંડા પવનના સુસવાટાથી વાહન ચાલકો પણ હેરાન - પરેશાન જોવા મળી રહ્યા હતા...




# ગુડા સરગાસણ અને કુડાસણમાં નવા ૭૨૮ એલ.આઈ.જી. આવાસોનુ નિર્માણ કરશે

ગાંધીનગર તા ૭

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સરગાસણ અને કુડાસણમાં આર્થિક રીતે નબળા પરિવારના સભ્યો માટે નવા આવાસૌ બાંધવામાં આવશે. સરગાસણ અને કુડાસણમાં ૭૨૮ જેટલા નવા આવાસો બાંધવા માટે ટુંકમાં જ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. અગાઉ ગુડા દ્વારા રાયસણ , ચિલોડા અને અડાલજમાં ઓછી આવક ધરાવતા પરિવારો માટે આવાસૌ તૈયાર કરવામાં આવ્યા હતા જયારે આ આવાસોમાં હાલ પરિવારજનો વસવાટ પણ કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અગાઉ રાયસણ

**ઓછી આવકના પરિવારજનો માટે અંદાજિત ૬૦ કરોડના ખર્ચે નવા મકાનો બાંધવામાં આવશે**

, ચિલોડા અને અડાલજમાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે આવાસો તૈયાર કરાયા હતા. જયારે આ આવાસોમાં રહીશોનો વસવાટ પણ જોવા મળી રહ્યો છે. પરંતુ હજુ પણ આવાસોની જરૂરિયાતને ધ્યાને લઈ ગુડા દ્વારા નવા મકાનો બાંધવા માટે આયોજન કરાયુ છે. જેમાં કુડાસણ અને સરગાસણમાં નવા મકાનો બાંધવામાં આવશે. કુડાસણ સરગાસણમાં ૭૨૮ નવા મકાનો બાંધવા માટે આયોજન કરી દેવાયુ છે. એક રૂમ હોલ કીચનના આ મકાનોની કીંમત ૫.૫૦ લાખની

● અનુસંધાન પાન-૭ પર

# આજે મહિલા-બાળ વિકાસ સમિતિના ચેરમેનની નિયુક્તી થશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની નવરચિત મહિલા અને બાળવિકાસ સમિતિના નવા ચેરમેનની નિયુક્તી માટે આજે સમિતિની બેઠક મળશે.

ગત તા. ૧લી જાન્યુઆરીના રોજ આ સમિતિની પ્રથમ બેઠક મળી હતી પરંતુ ચેરમેનની નિયુક્તીને લઈ પક્ષ તરફથી મેન્ડેટ ન આવ્યો હોવાથી તે મુલ્તવી રાખવામાં આવી હતી. હવે આજે આ સમિતિની બેઠકમાં નવા ચેરમેનની નિયુક્તી કરાશે.

સમિતિઓની રચનામાં થયેલા અસંતોષને પગલે આ સમિતિની રચના અટવાઈ પડી હતી. આ પછી ગત માસે મળેલ સામાન્ય સભામાં નવી સમિતિની રચના કરાયા બાદ હવે ચેરમેનની નિયુક્તી કરવામાં આવનાર છે.

# ગિફ્ટસિટી ખાતે ૧૮મીએ સેમિનારનું આયોજન

### ગિફ્ટસિટીમાં ૨૦૦થી પણ વધુ સંસ્થાઓ સક્રિય : હાલમાં ૮૫૦૦ લોકોને રોજગારી મળે છે : આંકડો ટૂંકમાં જ વધશે : ૧૦૦૦૦ લોકોને રોજગારી આપવાની તૈયારી

ગાંધીનગર,તા.૭

ગિફ્ટ સિટી -ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ ખાતે રહેલી ઉજજવળ તકો વિશે નાણાકીય જગતની વૈશ્વિક પ્રતિભાઓ પોતાના વિચારોરજૂ કરી શકે તેના ભાગરૂપે તારીખ ૧૮ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ – ૨૦૧૯ અંતર્ગત'ગિફ્ટ-ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટરઃ અ ન્યૂ ફાઈનાન્સિયલ ગેટ-વે ઑફ ઈન્ડિયા' થીમ પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારના ઉદ્દઘાટન સત્રમાં કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહીને માર્ગદર્શન કરશે. આ ઉપરાંત ઈન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશનના સીઈઓ ફિલિપ લે હોઉરોઉ ઉદ્દઘાટન સંબોધન કરશે તેમજ કોટક બેન્કના વાઈસ ચેરમેન અને એમડી ઉદય કોટક મુખ્ય વક્તવ્ય આપશે. ગિફ્ટ એટલે કે ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક સીટી એ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતને આંતરરાષ્ટ્રીય નાણાકીય વ્યવહારો ક્ષેત્રે અગ્રેસર બનાવવા શરૂ કરેલો પ્રોજેક્ટ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના સબળ માર્ગદર્શન હેઠળ આ સીટી ભારતનું શ્રેષ્ઠ કહી શકાય તેવું સ્માર્ટ સીટી પણ બની રહ્યું છે ત્યારે ગુજરાતના ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ હબ એવા ગીફ્ટ સીટીના વિકાસને આ સમીટ દ્વારા નવું બળ મળી રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કર્મઠ નેતૃત્વમાં ભારત સરકારે મહત્વકાંક્ષી સ્માર્ટ સિટી યોજના અમલમાં મૂકી છે. જેમાં૧૦૦સ્માર્ટ શહેરોમાં ગિફ્ટ સિટીનો સમાવેશ થયો છે. ગુજરાત સરકાર અથાગ પ્રયાસોના કારણે અન્ય સ્માર્ટ શહેરોના વિકાસ માટે મોડલ સિટી તરીકે ગિફ્ટ સિટીને પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે એટલું જ નહીં, ગ્રીનફિલ્ડ કેટેગરીમાં તેનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે.

# સમિટ દરેક રાજ્યમાં રોકાણ માટેનું મંચ બને તેવા એંધાણ

### સમિટમાં આઠ રાજ્યો અને ૨૨ દેશોનું પ્રતિનિધિત્વ રહેશે

ગાંધીનગર,તા.૭

આગામી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં વિવિધ આઠ રાજ્યો પોતાના રાજ્યોમાં રોકાણની નવીન તકો પ્રસ્થાપિત કરવાના હેતુથી આ સમિટમાં સહભાગી થશે. જેમાં આંધ્રપ્રદેશ, હરિયાણ, કર્ણાટક, પંજાબ, ઓડિશા, મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ અને ઝારખંડ જેવા રાજ્યોમાં આવનાર સમયમાં રોકાણની ઉજ્જવળ તકોની સંભાવના દર્શાવતા વિશેષ સેમિનાર યોજાશે. સાથે સાથે સમિટમાં દરેક રાજ્ય માટે એક વિશિષ્ટ પેવેલિયન પણ હશે જે વૈશ્વિક રોકાણકારોને તેમના રાજ્યમાં રોકાણ માટે આકર્ષવામાં મહત્વના સાબિત થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'નયા ભારત'ના નિર્માણ માટે અનેકવિધ કાર્યક્રમો કાર્યાન્વિત કર્યા છે ત્યારે આ વખતની નવમી વાયબ્રન્ટ સમિટની 'શેપિંગ એ ન્યૂ ઈન્ડિયા' વિષયક થીમ સમગ્ર દેશવાસીઓના વિકાસચિંતનની ભાવનાને ઉજાગર કરે છે. આ સમિટઆ દિશામાં એક નક્કર પ્રયાસરૂપે યોજાઈ રહી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com